<u>**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.**</u>

# ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક, ૨૦૨૪


| કલમો | વિગત |
|---|---|
| | **પ્રકરણ ૧**<br>**પ્રારંભિક** |
| ૧. | ટૂંકી સંજ્ઞા અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| | **પ્રકરણ ૨**<br>**વિશેષ કોર્ટની રચના** |
| ૩. | વિશેષ કોર્ટની રચના. |
| ૪. | વિશેષ કોર્ટ દ્વારા કેસની ન્યાયિક નોંધ લેવા બાબત. |
| ૫. | આ અધિનિયમ હેઠળ તજવીજ કરવાના કેસોની જાહેરાત. |
| ૬. | જાહેરાતનો અમલ. |
| ૭. | ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે વિશેષ કોર્ટનું અધિકારક્ષેત્ર. |
| ૮. | વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા. |
| ૯. | વિશેષ કોર્ટના હુકમ સામે અપીલ. |
| ૧૦. | કેસોની તબદીલી. |
| ૧૧. | વિશેષ કોર્ટ ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખવા બંધાયેલ ન હોવા બાબત. |
| ૧૨. | પ્રમુખસ્થાન સંભાળતા જજ તેઓના પૂર્વગામીએ નોંધેલા પુરાવા પર કાર્યવાહી કરી શકશે. |
| | પ્રકરણ ૩<br>મિલકતની જપ્તી |
| ૧૩. | જપ્તી માટેની અરજી બાબત. |
| ૧૪. | જપ્તી માટેની નોટિસ. |
| ૧૫. | અમુક કિસ્સામાં મિલકતની જપ્તી. |
| ૧૬. | તબદીલી રદબાતલ થવા બાબત. |
| ૧૭. | અપીલ. |

| | |
|---|---|
| ૧૮. | કબજો લેવાની સત્તા. |
| ૧૯. | જપ્ત કરેલી મિલકતનું રિફંડ. |
| | **પ્રકરણ ૪**<br>**પ્રકીર્ણ** |
| ૨૦. | વિગતોમાંની ક્ષતિ બદલ નોટિસ અથવા હુકમ અમાન્ય ન ગણાવા બાબત. |
| ૨૧. | અધિનિયમ, કોઇ અન્ય કાયદા ઉપરાંતનો હોવા બાબત. |
| ૨૨. | અન્ય કાર્યવાહીને બાધ. |
| ૨૩. | શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ. |
| ૨૪. | નિયમો કરવાની સત્તા. |
| ૨૫. | કલમ ૩ હેઠળ કરેલા જાહેરનામા અને કલમ ૫ હેઠળ કરેલી જાહેરાતો (રાજ્ય વિધાનમંડળ સમક્ષ) મૂકવા બાબત. |

**GUJARAT BILL NO. 15 OF 2024.**

# THE GUJARAT SPECIAL COURTS BILL, 2024.

***A Bill***

*to provide for the constitution of special courts for the speedy trial of certain class of offences and for confiscation of the properties accumulated out of the commission of such offences.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.**

# ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક, ૨૦૨૪.

**ચોક્કસ વર્ગના ગુનાની ઝડપી ઇન્સાફી કાર્યવાહી માટે અને તેવા ગુના કરીને એકઠી કરેલી મિલકતની જપ્તી માટે વિશેષ કોર્ટની રચના કરવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજયના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

## પ્રકરણ ૧

## પ્રારંભિક.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વિશેષ કોર્ટ અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) મિલકત એકઠી કરવી એટલે ગુનો કર્યાના પરીણામે કોઇ વ્યક્તિએ, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પ્રાપ્ત કરેલી અથવા મેળવેલી કોઇ મિલકતની કુલ કિંમત એક કરોડ રૂપિયા કરતા વધુ હોય તેવી મિલકત;

(ખ) અધિકૃત અધિકારી એટલે કલમ ૧૩ના હેતુ માટે, રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલા અધિક સેશન્સ જજના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પૂર્વ ન્યાયિક અધિકારી;

સન ૨૦૨૩નો ૪૫ મો.

(ગ) “સંહિતા” એટલે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩;

(ઘ) ગુનાના સંબંધમાં, “જાહેરાત” એટલે એવા ગુનાના સંબંધમાં કલમ ૫ હેઠળ કરેલી જાહેરાત;

(ચ) “ગુનો” એટલે તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ ૩ વર્ષ અથવા તેથી વધુ મુદતની કેદની શિક્ષાપાત્ર હોય તેવું કરેલું કોઇ કૃત્ય અથવા કાર્યલોપ;

(છ) “વ્યક્તિ” માં-

(૧) વ્યક્તિ,

(૨) હિંદુ અવિભક્ત કુટુંબ,

(૩) કંપની,

(૪) પેઢી,

(૫) સંસ્થાપિત હોય કે ન હોય તેવું વ્યક્તિઓનું સંગઠન અથવા વ્યક્તિઓનું મંડળ,

(૬) પૂર્વવર્તી પેટા-ખંડો પૈકી કોઇમાં સમાવેશ ન થતો હોય તેવી કૃત્રિમ કાનૂની વ્યક્તિ,

(૭) પૂર્વવર્તી પેટા-ખંડોમાં જણાવેલી ઉપરની વ્યક્તિઓ પૈકીની કોઇ વ્યક્તિની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત થતી કોઇ એજન્સી, કચેરી અથવા શાખા,

-નો સમાવેશ થાય છે;

(જ) “મિલકત” એટલે ભૌતિક અથવા અભૌતિક, જંગમ અથવા સ્થાવર, મૂર્ત અથવા અમૂર્ત જેવી દરેક પ્રકારની કોઇપણ મિલકત અથવા અસ્કયામત અને તેમાં કોઇપણ સ્થળે આવેલી તેવી મિલકત અથવા અસ્કયામતના માલિકી હક અથવા તેમાંના હિતસંબંધનો પુરાવો આપતા ખત અને લેખનો સમાવેશ થાય છે;

(ઝ) “વિશેષ કોર્ટ” એટલે આ અધિનિયમ હેઠળ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે કલમ ૩ હેઠળ રચાયેલી વિશેષ કોર્ટ.

(૨) આ અધિનિયમમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ સંહિતા અથવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩માં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, સંહિતા અથવા યથાપ્રસંગ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩માં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

સન ૨૦૨૩નો ૪૬મો.

સન ૨૦૨૩નો ૪૬ મો.

## પ્રકરણ ૨
## વિશેષ કોર્ટની રચના.

૩. (૧) રાજ્ય સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર કે વિસ્તારો માટે અથવા તેવા કેસોના વર્ગ કે જૂથ માટે એક અથવા એકથી વધુ વિશેષ કોર્ટની રચના કરી શકશે. વિશેષ કોર્ટની રચના.

(૨) વિશેષ કોર્ટનું પ્રમુખસ્થાન, ગુજરાત હાઈકોર્ટની સહમતીથી, રાજ્ય સરકાર નામનિયુક્ત કરે તેવા જજ સંભાળશે.

૪. વિશેષ કોર્ટ, તેની સમક્ષ શરૂ કરાયેલા અથવા કલમ ૧૦ હેઠળ તેને તબદીલ કરવામાં આવેલા કેસોની ન્યાયિક નોંધ લેશે અને ઇન્સાફી કાર્યવાહી કરશે. વિશેષ કોર્ટ દ્વારા કેસની ન્યાયિક નોંધ લેવા બાબત.

૫. રાજ્ય સરકારને, પોલીસ અધીક્ષકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા સંબંધિત અધિકારી મારફતે મળેલા તપાસ અધિકારીના અહેવાલના આધારે (કારણોની લેખિતમાં નોંધ કરીને) એવું માનવાને કારણ હોય કે વ્યક્તિએ મિલકત એકઠી કરેલી છે ત્યારે, રાજ્ય સરકારે, તે મતલબની જાહેરાત કરવી જોઇશે. આ અધિનિયમ હેઠળ તજવીજ કરવાના કેસોની જાહેરાત.

૬. (૧) આવી જાહેરાત કર્યેથી, સંહિતા અથવા તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ગુનાના સંબંધમાં કોઈ ફોજદારી કાર્યવાહી ફક્ત વિશેષ કોર્ટમાં જ શરૂ કરવામાં આવશે. જાહેરાતનો અમલ.

(૨) કલમ ૫ હેઠળ કરવામાં આવેલી કોઈ જાહેરાત એવા ગુનાને લગતી હોય કે જેના સંબંધમાં ફોજદારી કાર્યવાહી અગાઉથી જ શરૂ કરવામાં આવી હોય અને તેને સંબંધિત કાર્યવાહી વિશેષ કોર્ટ સિવાયની કોઇ કોર્ટમાં અનિર્ણિત હોય, તો આવી કાર્યવાહી, તત્સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ અનુસાર ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે વિશેષ કોર્ટને તબદીલ થશે.

ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે વિશેષ કોર્ટનું અધિકારક્ષેત્ર.

૭. વિશેષ કોર્ટને કથિત ગુનો કર્યો હોય એવી કોઈ વ્યક્તિની ઇન્સાફી કાર્યવાહી કરવાનું અધિકારક્ષેત્ર રહેશે કે જેના સંબંધમાં કલમ ૫ હેઠળ મુખ્ય ગુનેગાર, કાવતરાખોર અથવા મદદગાર તરીકે જાહેરાત કરવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિ અને અન્ય તમામ ગુના માટે અને આરોપી વ્યક્તિઓ માટે સંહિતા અનુસાર એક જ ઈન્સાફી કાર્યવાહીમાં તમામ આરોપી વ્યક્તિઓ પર સંયુક્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે.

વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા.

૮. (૧) વિશેષ કોર્ટ, આવા કેસોની ઇન્સાફી કાર્યવાહીમાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ દ્વારા ઠરાવેલી મેજિસ્ટ્રેટ સમક્ષના વોરંટ કેસની ઇન્સાફી કાર્યવાહી માટેની કાર્યરીતિ અનુસરશે.

સન ૨૦૨૩નો ૪૬ મો.

(૨) આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સંહિતાની જોગવાઈઓ, જ્યાં સુધી તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય ત્યાં સુધી, વિશેષ કોર્ટ સમક્ષની કાર્યવાહીને લાગુ પડશે અને સદરહુ જોગવાઈઓના હેતુ માટે, વિશેષ કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યવાહી ચલાવતી વ્યક્તિ, પબ્લિક પ્રોસિક્યુટર ગણાશે.

(૩) વિશેષ કોર્ટ, તેના દ્વારા દોષિત ઠરેલી કોઈ વ્યક્તિને, જે ગુના માટે તેવી વ્યક્તિ દોષિત ઠરી હોય તે ગુનાની શિક્ષા માટે કાયદા દ્વારા અધિકૃત કોઇ સજા કરી શકશે.

વિશેષ કોર્ટના હુકમ સામે અપીલ.

૯. (૧) સંહિતામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વિશેષ કોર્ટના કોઇ ચુકાદા અને સજા સામે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી શકાશે.

(૨) ઉપર્યુક્ત સિવાય, વિશેષ કોર્ટના કોઈ ચુકાદા, સજા અથવા હુકમ સામે કોઈ કોર્ટમાં કોઇપણ અપીલ અથવા ફેરવિચારણા માટેની અરજી કરી શકાશે નહિ.

(૩) આ કલમ હેઠળની દરેક અપીલ, વિશેષ કોર્ટના ચુકાદા અને સજાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઇશે:

પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે અપીલ કરનાર પાસે મુદતની અંદર અપીલ ન કરી શકવા માટે પૂરતા કારણ હતા, તો હાઇકોર્ટ કારણોની લેખિતમાં નોંધ કરીને ત્રીસ દિવસની સદરહુ મુદત પૂરી થયા પછી અપીલ સ્વીકારી શકશે.

કેસોની તબદીલી.

૧૦. આ અધિનિયમની અન્ય જોગવાઇઓમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, હાઇકોર્ટ, એક વિશેષ કોર્ટમાંથી અન્ય વિશેષ કોર્ટમાં કેસ તબદીલ કરી શકશે.

વિશેષ કોર્ટ ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખવા બંધાયેલ

**૧૧.** (૧) વિશેષ કોર્ટ, તેના અભિપ્રાય પ્રમાણે કોઈ હેતુ માટે આવી કોઇ ઇન્સાફી કાર્યવાહી મુલતવી રાખવાનું, ન્યાયના હિતમાં જરૂરી હોય તો, લેખિતમાં કારણો નોંધ્યા સિવાય, કોઈ ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખશે નહિ.

(૨) વિશેષ કોર્ટે (કેસોની) કાર્યવાહી શરૂ થયાથી અથવા યથાપ્રસંગ, તેને કેસ તબદીલ થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર કેસની ઈન્સાફી કાર્યવાહીનો નિકાલ કરવાનો પ્રયત્ન કરવો જોઇશે.

**૧૨.** વિશેષ કોર્ટનું પ્રમુખસ્થાન સંભાળવા કલમ ૩ હેઠળ નીમેલા જજ, તેઓના પૂર્વગામીએ નોંધેલા અથવા તેમના પૂર્વગામીએ આંશિક રીતે નોંધેલા અને આંશિક રીતે પોતે નોંધેલા પુરાવા પર કાર્યવાહી કરી શકશે.

પ્રમુખસ્થાન સંભાળતા જજ તેઓના પૂર્વગામીએ નોંધેલા પુરાવા પર કાર્યવાહી કરી શકશે.

## પ્રકરણ ૩
## મિલકતની જપ્તી

**૧૩.** (૧) કલમ ૫ હેઠળ કરેલી જાહેરાતના આધારે, રાજ્ય સરકાર, સદરહુ જાહેરાતમાં ઉલ્લેખેલ મિલકતની જપ્તી માટે અધિકૃત અધિકારીને અરજી કરવા માટે તપાસ કરનાર અધિકારીને અધિકૃત કરી શકશે.

જપ્તી માટેની અરજી બાબત.

(૨) પેટા-કલમ (૧) હેઠળની અરજી સાથે-

- (ક) સદરહુ વ્યક્તિએ ગુનો કર્યો છે તે મળી આવેલ છે અને તેણે ગુનાના માધ્યમથી મેળવવામાં આવેલી હોય તેવી મિલકતનું અંદાજીત મૂલ્ય વગેરે બાબતો માનવા માટેના આધારો જણાવતા એક અથવા એકથી વધુ સોગંદનામા હોવા જોઈશે; અને
- (ખ) આવી કોઈ મિલકતના સ્થળ વિશે તત્સમયે ઉપલબ્ધ માહિતી પણ હોવી જોઈશે અને જરૂરી હોય તો, આ સંદર્ભને સંબંધિત હોય તેવી અન્ય વિગતો આપવી જોઈશે.

**૧૪.** (૧) કલમ ૧૩ હેઠળની અરજી મળ્યેથી, અધિકૃત અધિકારીએ, જેના સંબંધમાં અરજી કરવામાં આવી હોય તેવી વ્યક્તિ (જેનો આમાં હવે પછી, “અસર પામેલી વ્યક્તિ” તરીકે ઉલ્લેખ થયો છે તે)ને તેણે આવી કોઇ મિલકત એકઠી કરેલી નથી તે જણાવવા અને તે જેના પર આધાર રાખતો હોય તેવા પુરાવો અને અન્ય સંબંધિત માહિતી અને વિગતો દર્શાવવા તેમજ શા માટે આવી તમામ અથવા કોઇ મિલકત રાજ્ય સરકારમાં જપ્ત કરવી ન જોઈએ તે

જપ્તી માટેની નોટિસ.

કારણ દર્શાવવા સામાન્ય રીતે નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ત્રીસ દિવસથી ઓછી નહિ તેટલી મુદતની અંદર તેને હાજર થવા માટે નોટિસ બજાવવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોઈ વ્યક્તિને મળેલી નોટિસથી, કોઈ મિલકત, આવી વ્યક્તિએ અન્ય કોઇ વ્યક્તિ વતી ધરાવ્યા હોવાનું નિર્દિષ્ટ થાય ત્યારે, નોટિસની એક નકલ, આવી અન્ય વ્યક્તિને પણ બજાવવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અસર પામેલી વ્યક્તિ દ્વારા અધિકૃત અધિકારી સમક્ષ રેકર્ડ પર લાવેલો પુરાવો, માહિતી અને વિગતોનો, વિશેષ કોર્ટ સમક્ષની ઇન્સાફી કાર્યવાહીમાં તેની વિરુદ્ધ ઉપયોગ કરવો જોઈશે નહિ.

અમુક કિસ્સામાં મિલકતની જપ્તી.

**૧૫.** (૧) અધિકૃત અધિકારી, કલમ ૧૪ હેઠળ આપેલી કારણદર્શક નોટિસનો ખુલાસો કોઇ હોય તો, તે અને તેઓની સમક્ષ ઉપલબ્ધ સામગ્રી પર વિચારણા કર્યા પછી અને અસર પામેલી વ્યક્તિને (અને અસર પામેલી વ્યક્તિ, અન્ય કોઈ વ્યક્તિ મારફતે નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મિલકત ધરાવતી હોય ત્યારે તે કિસ્સામાં, આવી અન્ય કોઈ વ્યક્તિને પણ) સુનાવણીની વાજબી તક આપ્યા પછી, હુકમથી, પ્રસ્તુત તમામ અથવા કોઇ મિલકત ગેરકાયદેસર રીતે સંપાદિત કરી છે કે કેમ તેનું તારણ નોંધી શકશે.

(૨) અધિકૃત અધિકારી નિર્દિષ્ટ કરે કે કારણદર્શક નોટિસમાં ઉલ્લેખેલી અમુક મિલકત ગુનાના માધ્યમથી સંપાદિત કરવામાં આવેલ છે, પણ આવી મિલકતને ચોક્કસપણે અલગ પાડીને નક્કી કરી શકાય તેમ નથી ત્યારે, તેઓના ઉત્તમ નિર્ણય અનુસાર, જે મિલકત ગુનાના માધ્યમથી સંપાદિત કરવામાં આવી છે તે નિર્દિષ્ટ કરવાનું તેઓ માટે કાયદેસર રહેશે અને તેઓએ, પેટા-કલમ (૧) હેઠળ તદનુસાર તારણ નોંધવું જોઇશે.

(૩) અધિકૃત અધિકારી, આ કલમ હેઠળ કોઈ મિલકત, ગુનાના માધ્યમથી મેળવેલી છે તે મતલબના તારણની નોંધ કરતા હોય ત્યારે, તેઓએ જાહેરાત કરવી જોઇશે કે તેવી મિલકત, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, તમામ બોજામાંથી મુક્ત રાજ્ય સરકારમાં જપ્ત કરવામાં આવશે:

પરંતુ જપ્ત કરેલી મિલકતની બજાર કિંમત અધિકૃત અધિકારી પાસે જમા કરાવેલી હોય, તો મિલકત જપ્ત કરવી જોઇશે નહિ.

(૪) કંપનીમાંનો કોઇ હિસ્સો, આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર પાસે જપ્ત રહેલો હોય, ત્યારે કંપનીએ, કંપની અધિનિયમ, ૨૦૧૩ અથવા કંપનીના આર્ટિકલ ઓફ એસોસિએશનમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તાત્કાલિક તેવા હિસ્સાના તબદીલીથી લેનાર તરીકે રાજ્ય

સન ૨૦૧૩નો ૧૮મો.

સરકારને રજિસ્ટર કરવી જોઇશે.

(૫) આ પ્રકરણ હેઠળ મિલકતની જપ્તી માટેની દરેક કાર્યવાહીનો, કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ નોટિસ બજાવ્યાની તારીખથી છ મહિનાની મુદતની અંદર નિકાલ કરવો જોઇશે.

(૬) કલમ ૧૭ હેઠળ અપીલમાં પસાર કરેલો કોઇ હુકમ, હોય તો, તેને અધીન રહીને, આ કલમ હેઠળ પસાર કરેલો જપ્તીનો હુકમ આખરી રહેશે અને કાયદાની કોઇપણ કોર્ટમાં તેને પડકારી શકાશે નહિ.

**૧૬.** કલમ ૧૪ હેઠળ નોટિસ આપ્યા પછી, સદરહુ નોટિસમાં ઉલ્લેખેલ કોઇ મિલકત, ગમે તે કોઇ રીતે તબદીલ કરવામાં આવે, ત્યારે તેવી તબદીલી, આ અધિનિયમ હેઠળની કાર્યવાહીઓના હેતુઓ માટે રદબાતલ ગણાશે અને એવી મિલકત, ત્યારપછી કલમ ૧૫ હેઠળ રાજ્ય સરકારમાં જપ્ત કરવામાં આવે, તો તેવી મિલકતની તબદીલી રદબાતલ ગણાશે.

તબદીલી રદબાતલ થવા બાબત.

**૧૭.** (૧) આ પ્રકરણ હેઠળ અધિકૃત અધિકારીના કોઇ હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, જે હુકમની સામે અપીલ કરવાની હોય તે હુકમ પસાર કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર હાઇકોર્ટમાં અપીલ કરી શકશે.

અપીલ.

(૨) આ કલમ હેઠળ કોઇ અપીલ થયેથી, હાઇકોર્ટ, પોતે યોગ્ય ગણે તેવા પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પછી, પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કરેલી અપીલનો, તે (અપીલ) કરવામાં આવી હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર નિકાલ કરવો જોઇશે.

**૧૮.** (૧) આ અધિનિયમ હેઠળ કોઇ મિલકત રાજ્ય સરકારમાં જપ્ત કરવામાં આવેલ હોય, ત્યારે સંબંધિત અધિકૃત અધિકારી, અસર પામેલ વ્યક્તિને તેમજ મિલકતનો કબજો ધરાવતી હોય તેવી કોઇ અન્ય વ્યક્તિને, હુકમની બજવણીની તારીખથી ત્રીસ દિવસની અંદર, સંબંધિત અધિકૃત અધિકારીને અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલી કોઇ વ્યક્તિને મિલકતનો કબજો સોંપવાનો અથવા હવાલે કરવાનો હુકમ કરશે:

કબજો લેવાની સત્તા.

પરંતુ અધિકૃત અધિકારી, તે અર્થે કરેલી અરજી ઉપરથી અને અસર પામેલ વ્યક્તિ પ્રસ્તુત (વિવાદી) મિલકતમાં રહે છે તેવી પોતાને ખાતરી થયેથી, તે(મિલકત)માંથી તેનો કબજો તરત ખાલી કરાવવાને બદલે, રાજ્ય સરકારને બજાર ભાડું ચૂકવ્યેથી, નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મર્યાદિત મુદત માટે, તેવી વ્યક્તિને તેમાં રહેવા માટે પરવાનગી આપી શકશે અને ત્યારપછી, તેવી વ્યક્તિએ તે મિલકતનો ખાલી કબજો સોંપવો જોઇશે.

(૨) કોઇ વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમનું પાલન કરવાનો ઇનકાર કરે અથવા ચૂક કરે, તો અધિકૃત અધિકારી તે મિલકતનો કબજો લઇ શકશે અને તે હેતુ માટે, જરૂરી હોય તેવા બળનો ઉપયોગ કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ જપ્ત કરેલી મિલકત રાજ્ય સરકારમાં નિહિત થશે અને રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવી રીતે તેની તજવીજ કરી શકાશે.

જપ્ત કરેલી મિલકતનું રિફંડ.

**૧૯.** કલમ ૧૫ હેઠળ કરેલો જપ્તીનો હુકમ હાઇકોર્ટ દ્વારા અપીલમાં સુધારવામાં અથવા રદ કરવામાં આવે, ત્યારે અથવા વિશેષ કોર્ટ દ્વારા અસર પામેલ વ્યક્તિને દોષમુક્ત જાહેર કરવામાં આવ્યો હોય, ત્યારે તે મિલકત, અસર પામેલ વ્યક્તિને પરત કરવી જોઇશે અને કોઇપણ કારણસર મિલકત પરત કરવી શક્ય ન હોય તેવા કિસ્સામાં, તેવી વ્યક્તિને, જપ્તીની તારીખથી ગણતરી કરીને તેના ઉપર વાર્ષિક પાંચ ટકાના દરે વ્યાજ સાથે તેવી રીતે જપ્ત કરેલી મિલકતની કિંમત ચૂકવવી જોઇશે.

## પ્રકરણ ૪

## પ્રકીર્ણ

વિગતોમાંની ક્ષતિ બદલ નોટિસ અથવા હુકમ અમાન્ય ન ગણાવા બાબત.

**૨૦.** તેમાં જણાવેલી વિગતોથી તેવી મિલકત અથવા વ્યક્તિ ઓળખપાત્ર હોય, તો આ અધિનિયમ હેઠળ આપેલી અથવા બજાવેલી કોઇ નોટિસ અથવા કરેલી કોઇ જાહેરાત અને પસાર કરેલો કોઇ હુકમ, તેમાં ઉલ્લેખેલી મિલકત અથવા વ્યક્તિની વિગતો (વર્ણન)માં કોઇ ભૂલ હોવાને કારણે અમાન્ય હોવાનું ગણાશે નહિ.

અધિનિયમ, કોઇ અન્ય કાયદા ઉપરાંતનો હોવા બાબત.

**૨૧.** આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

અન્ય કાર્યવાહીને બાધ.

**૨૨.** કલમો ૯ અને ૧૭માં જોગવાઇ કરેલી હોય તે સિવાય અને બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૧૫ હેઠળ જપ્ત કરવાનો હુકમ કરેલ હોય તેવી કોઇ મિલકતના સંબંધમાં કોઇપણ કોર્ટમાં કોઇ દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી ચલાવી શકાશે નહિ.



શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

**૨૩.** આ અધિનિયમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં, કોઇપણ વ્યક્તિ સામે કોઇ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

**૨૪.** (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અને પૂર્વ-પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇએ અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(3) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કોઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

૨૫. કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ કરેલું દરેક જાહેરનામું અને કલમ ૫ હેઠળ કરેલી દરેક જાહેરાત, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે. **કલમ ૩ હેઠળ કરેલા જાહેરનામા અને કલમ ૫ હેઠળ કરેલી જાહેરાતો (રાજ્ય વિધાનમંડળ સમક્ષ) મૂકવા બાબત.**

## ઉદ્દેશો અને કારણો

મોટી સંખ્યામાં વ્યક્તિઓ ગુના કરવામાં સામેલ થાય છે અને ગુના કરવાના પરિણામે તેમના કાયદેસરના સ્ત્રોતો સિવાયની આવકમાંથી મોટા પ્રમાણમાં મિલકત એકઠી કરે છે. તેઓ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ વધારવા માટે આવી મિલકત અને મિલકતમાંથી થયેલી આવકનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે. (તેઓ) ફોજદારી કાર્યરીતિ અને મિલકતની જપ્તીમાં થતાં વિલંબને લીધે, આવી વ્યક્તિઓને તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની છૂટ મળે છે જેનાથી ફોજદારી ન્યાય વ્યવસ્થા (તંત્ર) પર પ્રતિકૂળ અસર પડે છે. તેથી, ફોજદારી કેસની તપાસ સાથે સંકળાયેલી હોવાનું જણાયેલી ઉપર જણાવેલી મિલકતોની ઝડપી જપ્તી માટે એક વિશેષ કોર્ટ ઊભી કરવાની તાકીદની જરૂરિયાત છે.

આવી ગુનાહિત પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે રાજ્યની ઉપરોક્ત કાનૂની અથવા નૈતિક જવાબદારીને ધ્યાનમાં રાખીને, આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓ વિરુદ્ધ મિલકતોની જપ્તી માટેની કાર્યવાહીઓ કરવા માટે વિશેષ કોર્ટની રચના કરવા માટે એક વિશેષ કાયદો હોવો જરૂરી હોવાનું અનુભવાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ અધિનિયમિત કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

**કલમ ૧.-** આ કલમથી અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલ અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, વિશેષ કોર્ટની રચના માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, વિશેષ કોર્ટ દ્વારા કેસોની ન્યાયિક નોંધ લેવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, કોઈ વ્યક્તિ દ્વારા મિલકત એકઠી કરવાના કિસ્સાઓમાં, આ અધિનિયમ હેઠળ તજવીજ કરવાના કેસોની જાહેરાત કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે કલમ ૫ હેઠળ કરેલી કોઇ જાહેરાત, કોઇ ગુનાને લગતી હોય ત્યારે તે (ગુના)ના સંબંધમાં કોઈ ફોજદારી કાર્યવાહી ફક્ત વિશેષ કોર્ટમાં જ શરૂ કરવામાં આવશે.

**કલમ ૭.-** આ કલમથી, ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે વિશેષ કોર્ટના અધિકારક્ષેત્ર (હકૂમત) માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૮.-** આ કલમથી, વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા અંગેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, વિશેષ કોર્ટના હુકમ સામે અપીલ દાખલ કરવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી, એક વિશેષ કોર્ટમાંથી અન્ય વિશેષ કોર્ટમાં કેસો તબદીલ કરવાની હાઇકોર્ટની સત્તા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૧.-** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે વિશેષ કોર્ટ, તેના અભિપ્રાય પ્રમાણે, કોઈ હેતુ માટે કોઈ ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખવાનું ન્યાયના હિતમાં જરૂરી હોય તો કારણોની લેખિતમાં નોંધ કર્યા સિવાય, કોઈ ઈન્સાફી કાર્યવાહી મુલતવી રાખી શકશે નહિ.

**કલમ ૧૨.-** આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે પ્રમુખસ્થાન સંભાળતા જજ, તેમના પૂર્વગામીએ નોંધેલા અથવા તેમના પૂર્વગામીએ આંશિક રીતે નોંધેલા અને આંશિક રીતે પોતે નોંધેલા પુરાવા પર કાર્યવાહી કરી શકશે.

**કલમ ૧૩.-** આ કલમથી, તપાસ કરનાર અધિકારીએ, મિલકતની જપ્તી માટે અધિકૃત અધિકારીને કરવાની અરજી માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૪.-** આ કલમથી, જેના સંબંધમાં મિલકતની જપ્તી માટેની અરજી કરેલી હોય તેવી વ્યક્તિને નોટિસ બજાવવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૫.-** આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણેના અમુક કિસ્સાઓમાં મિલકતની જપ્તી માટે જોગવાઇ કરી છે.

કલમ ૧૬.- આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે કોઇ મિલકતની જપ્તીની નોટિસની મુદત દરમિયાન, આવી મિલકતની તબદીલી કરવામાં આવી હોય અને પાછળથી આવી મિલકત રાજ્ય સરકાર દ્વારા જપ્ત કરવામાં આવે, તેવા કિસ્સાઓમાં, આવી મિલકતની તબદીલી રદબાતલ હોવાનું ગણાશે.

કલમ ૧૭. આ કલમથી, અધિકૃત અધિકારીના હુકમ સામે, નારાજ થયેલી વ્યક્તિ દ્વારા હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૮.- આ કલમથી, જપ્ત કરેલ મિલકતનો કબજો લેવાની અધિકૃત અધિકારીની સત્તા માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૯.- આ કલમથી, તેમાં જણાવ્યા પ્રમાણેના સંજોગોમાં, અસર પામેલ વ્યક્તિને જપ્ત કરેલ મિલકતના રિફંડ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૦.- આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે વિગતોમાંની ક્ષતિ બદલ નોટિસ અથવા હુકમને અમાન્ય ન ગણવો.

કલમ ૨૧.- આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે આ અધિનિયમની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદા ઉપરાંતની રહેશે અને તેનું અલ્પીકરણ થશે નહિ.

કલમ ૨૨.- આ કલમથી, અન્ય કાર્યવાહીને બાધ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૩.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંના રક્ષણ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૪.- આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૫.- આ કલમથી એવી જોગવાઇ કરી છે કે કલમ ૩ હેઠળના દરેક જાહેરનામા અને કલમ ૫ હેઠળની દરેક જાહેરાતો, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે.

**હર્ષ સંઘવી,**

## નાણાકીય યાદી

વિધેયકની કલમ ૨-ના પેટા-ખંડ (ખ)થી, અધિકૃત અધિકારીની નામનિયુક્તિ માટે જોગવાઇ કરી છે. આથી, વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજયના એકત્રિત ફંડમાંથી ખર્ચનો સમાવેશ થશે. તેમ છતાં, હાલમાં આવા હેતુ માટે ચોક્કસ કેટલી રકમ અનુદાન પેટે ઉપલભ્ય થશે તે બાબત સુનિશ્ચિત કરવી શક્ય નથી.

**હર્ષ સંઘવી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતીથી, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે અથવા તેવા કેસ અથવા કેસોના વર્ગ અથવા જૂથ માટે, એક અથવા એકથી વધુ વિશેષ કોર્ટની રચના કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૮.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, જે રીતે અધિનિયમ હેઠળ જપ્ત કરેલી મિલકત રાજ્ય સરકારમાં નિહિત થશે તે રીત, ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૪.-** આ કલમથી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૭ મી ઓગસ્ટ, ૨૦૨૪. **હર્ષ સંઘવી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.]

ચોક્કસ વર્ગના ગુનાની ઝડપી ઇન્સાફી કાર્યવાહી માટે અને તેવા ગુના કરીને એકઠી કરેલી મિલકતની જપ્તી માટે વિશેષ કોર્ટની રચના કરવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૭ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,
ઇન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.

**GUJARAT BILL NO. 15 OF 2024.**

# THE GUJARAT SPECIAL COURTS BILL, 2024.

**Table of Contents**


| Clauses | Content | Page No. |
|---|---|---|
| **CHAPTER I<br>PRELIMINARY** | | |
| **1.** | Short title and commencement. | 1 |
| **2.** | Definitions. | 2 |
| **CHAPTER II<br>CONSTITUTION OF SPECIAL COURTS** | | |
| **3.** | Constitution of Special Courts. | 3 |
| **4.** | Cognizance of cases by Special Courts. | 3 |
| **5.** | Declaration of cases to be dealt with under this Act. | 3 |
| **6.** | Effect of declaration. | 3 |
| **7.** | Jurisdiction of Special Courts as to trial of offences. | 3 |
| **8.** | Procedure and powers of Special Courts. | 4 |
| **9.** | Appeal against order of Special Court. | 4 |
| **10.** | Transfer of cases. | 4 |
| **11.** | Special court not bound to adjourn trial. | 5 |
| **12.** | Presiding Judge may act on evidence recorded by his predecessor. | 5 |
| **CHAPTER III<br>CONFISCATION OF PROPERTY** | | |
| **13.** | Application for confiscation. | 5 |
| **14.** | Notice for confiscation. | 5 |
| **15.** | Confiscation of property in certain cases. | 6 |
| **16.** | Transfer to be null and void. | 7 |
| **17.** | Appeal. | 7 |
| **18.** | Power to take possession. | 7 |
| **19.** | Refund of confiscated property. | 8 |

| CHAPTER IV<br>MISCELLANEOUS | | |
|---|---|---|
| **20.** | Notice or order not to be invalid for error in description. | 8 |
| **21.** | Act to be in addition to any other law. | 9 |
| **22.** | Bar to other proceedings. | 9 |
| **23.** | Protection of action taken in good faith. | 9 |
| **24.** | Power to make rules. | 9 |
| **25.** | Notifications under section 3 and declarations under section 5 to be laid. | 9 |

## THE GUJARAT SPECIAL COURTS BILL, 2024.

### GUJARAT BILL NO. 15 OF 2024.

***A BILL***

*to provide for the constitution of special courts for the speedy trial of certain class of offences and for confiscation of the properties accumulated out of the commission of such offences*.

It is hereby enacted in the Seventy-fifth year of the Republic of India as follows:–

### CHAPTER I
### PRELIMINARY

1. (1) This Act may be called the Gujarat Special Courts Act, 2024. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Definitions.** **2.** (1) In this Act, unless the context otherwise requires,—

(a) “accumulation of property” means the property, which is derived or obtained directly or indirectly, by a person as a result of commission of an offence, if the total value of the property involved therein exceeds one crore rupees;

(b) "authorised officer" means any former judicial officer not below the rank of Additional Sessions Judge, nominated by the State Government for the purpose of section 13;

(c) "Sanhita" means the Bharatiya Nyaya Sanhita, 2023; **45 of 2023.**

(d) "declaration", in relation to an offence, means a declaration made under section 5 in respect of such offence;

(e) “offence” means any act or omission made punishable by any law for time being in force with imprisonment for a term of 3 years or more.

(f) “person” includes –

(i) an individual,
(ii) a Hindu Undivided Family,
(iii) a company,
(iv) a firm,
(v) an association of persons or a body of individuals, whether incorporate or not,
(vi) every artificial juridical person, not falling within any of the preceding sub-clauses,
(vii) any agency, office or branch owned or controlled by any of the above persons mentioned in the preceding sub-clauses;”

(g) “property” means any property or assets of every description, whether corporeal or incorporeal, movable or immovable, tangible or intangible and includes deeds and instruments evidencing title to, or interest in, such property or assets, wherever located;

(h) "Special Court" means a Special Court constituted under section 3 for trial of offences under this Act.

46 of 2023. 46 of 2023. (2) Words and expressions used herein and not defined but defined in either the Sanhita or in the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 shall have the meanings respectively assigned to them in the Sanhita or the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023, as the case may be.

## CHAPTER II

## CONSTITUTION OF SPECIAL COURTS

**Constitution of Special Courts.**

**3.** (1) The State Government may, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat, by notification in the *Official Gazette* constitute one or more Special Courts for such area or areas, or for such cases or class or group of cases, as may be specified in the notification.

(2) A Special Court shall be presided over by a Judge nominated by the State Government with the concurrence of the High Court of Gujarat.

**Cognizance of cases by Special Courts.**

**4.** A Special Court shall take cognizance of and try such cases as are instituted before it or transferred to it under section 10.

**Declaration of cases to be dealt with under this Act.**

**5.** Where the State Government, on the basis of the report of the investigating officer received through the concerned officer not below the rank of Superintendent of Police, has reason to believe (the reasons for such belief to be recorded in writing) that there is accumulation of property by a person, the State Government shall make a declaration to that effect.

**Effect of declaration.**

**6.** (1) On such declaration being made, notwithstanding anything in the Sanhita or any other law for the time being in force, any prosecution in respect of the offence shall be instituted only in a Special Court.

(2) Where any declaration made under section 5 relates to an offence in respect of which a prosecution has already been instituted and the proceedings in relation thereto are pending in a Court other than Special Court, such proceedings shall, notwithstanding anything contained in any other law for the time being in force, stand transferred to Special Court for trial of the offence in accordance with this Act.

**Jurisdiction of Special Courts as to trial of offences.**

**7.** A Special Court shall have jurisdiction to try any person alleged to have committed the offence in respect of which a declaration has been made

under section 5, either as principal, conspirator or abettor and for all the other offences and accused persons as can be jointly tried therewith at one trial in accordance with the Sanhita.

**Procedure and powers of Special Courts.**

**8.** (1) A Special Court shall, in the trial of such cases, follow the procedure prescribed by the Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 for the trial of warrant cases before a Magistrate. **46 of 2023.**

(2) Save as expressly provided in this Act, the provisions of the Sanhita shall, in so far as they are not inconsistent with the provisions of this Act, apply to the proceedings before a Special Court and for the purpose of the said provisions, the persons conducting a prosecution before a Special Court shall be deemed to be a Public Prosecutor.

(3) A Special Court may pass, upon any person convicted by it, any sentence authorised by law for the punishment of the offence of which such person is convicted.

**Appeal against order of Special Court.**

**9**. (1) Notwithstanding anything in the Sanhita, an appeal shall lie from any judgment and sentence of a Special Court to the High Court of Gujarat.

(2) Except as aforesaid, no appeal or revision shall lie in any court from any judgment, sentence or order of a Special Court.

(3) Every appeal under this section shall be preferred within a period of thirty days from the date of judgment and sentence of a Special Court:

Provided that the High Court may entertain an appeal after the expiry of the said period of thirty days if it is satisfied for reasons to be recorded in writing that the appellant had sufficient cause for not preferring the appeal within the period.

**Transfer of cases.**

**10.** Notwithstanding the other provisions of this Act, it shall be open to the High Court to transfer cases from one Special Court to another Special Court.

**11.** (1) A Special Court shall not adjourn any trial for any purpose unless such adjournment is, in its opinion, necessary in the interests of justice and for reasons to be recorded in writing.

**Special court not bound to adjourn trial.**

(2) The Special Court shall endeavour to dispose of the trial of the case within a period of one year from the date of its institution or transfer, as the case may be.

**12.** A Judge appointed under section 3 to preside over a Special Court may act on the evidence recorded by his predecessor or partly recorded by his predecessor and partly recorded by himself.

**Presiding Judge may act on evidence recorded by his predecessor.**

## CHAPTER III

## CONFISCATION OF PROPERTY

**Application for confiscation.**

**13.** (1) On the basis of the declaration made under section 5, the State Government may authorise the investigating officer to make an application to the authorised officer for confiscation of the property, referred to in the said declaration.

(2) An application under sub-section (1)—

(a) shall be accompanied by one or more affidavits, stating the grounds on which the belief, that the said person has committed the offence, is founded and the estimated value of the property believed to have been procured by means of the offence; and

(b) shall also contain any information available as to the location for the time being of any such property, and shall, if necessary, give other particulars considered relevant to the context.

**14.** (1) Upon receipt of an application made under section 13, the authorised officer shall serve a notice upon the person in respect of whom the application is made (hereafter referred to as "the person affected") calling upon him within such time as may be specified in the notice, which shall not be ordinarily less than thirty days, to indicate that there is no accumulation of property at his end, the evidence on

**Notice for confiscation.**

which he relies and other relevant information and particulars, and to show cause as to why all or any of such property, should not be confiscated to the State Government.

(2) Where a notice under sub-section (1) to any person specifies any property as being held on behalf of such person by any other person, a copy of the notice shall also be served upon such other person.

(3) Notwithstanding anything contained in sub-section (1), the evidence, information and particulars brought on record before the authorised officer, by the person affected, shall not be used against him in the trial before the Special Court.

**Confiscation of property in certain cases.**

**15.** (1) The authorised officer may, after considering the explanation, if any, to the show cause notice issued under section 14 and the materials available before it, and after giving to the person affected (and in case where the person affected holds any property specified in the notice through any other person, to such other person also) a reasonable opportunity of being heard, by order, record a finding whether all or any other properties in question have been acquired illegally.

(2) Where the authorised officer specifies that some of the property referred to in the show cause notice are acquired by means of the offence, but is not able to identify specifically such property, then it shall be lawful for the authorised officer to specify the property which, to the best of his judgment, have been acquired by means of the offence and record a finding, accordingly, under sub-section (1).

(3) Where the authorised officer records a finding under this section to the effect that any property has been acquired by means of the offence, he shall declare that such property shall, subject to the provisions of this Act, stand confiscated to the State Government free from all encumbrances:

Provided that if the market price of the property confiscated is deposited with the authorised officer, the property shall not be confiscated.

(4) Where any share in a Company stands confiscated to the State Government under this Act, then, the Company shall, notwithstanding anything contained in the Companies Act, 2013 or the Articles of Association of the Company, forthwith register the State Government as the transferee of such share.

18 of 2013.

(5) Every proceeding for confiscation of property under this Chapter shall be disposed of within a period of six months from the date of service of the notice under sub-section (1) of section 14.

(6) The order of confiscation passed under this section shall, subject to the order passed in appeal, if any, under section 17, be final and shall not be called in question in any Court of law.

**Transfer to be null and void.**

**16.** Where, after the issue of a notice under section 14, any property referred to in the said notice are transferred by any mode whatsoever, such transfer shall, for the purposes of the proceedings under this Act, be void and if such property is subsequently confiscated to the State Government under section 15, then, the transfer of such property shall be deemed to be null and void.

**Appeal.**

**17.** (1) Any person aggrieved by any order of the authorised officer under this Chapter may appeal to the High Court within thirty days from the date on which the order appealed against was passed.

(2) Upon any appeal preferred under this section the High Court may, after giving such parties, as it thinks proper, an opportunity of being heard, pass such order as it thinks fit.

(3) An appeal preferred under sub-section (1) shall be disposed of preferably within a period of three months from the date it is preferred.

**Power to take possession.**

**18.** (1) Where any property has been confiscated to the State Government under this Act, the concerned authorised officer shall order the person affected, as well as any other person, who may be in possession of the property to surrender or deliver possession thereof to

the concerned authorised officer or to any person duly authorised by him in this behalf, within thirty days of the service of the order:

Provided that the authorised officer, on an application made in that behalf and being satisfied that the person affected is residing in the property in question, may instead of dispossessing him immediately from the same, permit such person to occupy it for a limited period to be specified on payment of market rent to the State Government and thereafter, such person shall deliver the vacant possession of the property.

(2) If any person refuses or fails to comply with an order made under sub-section (1), the authorised officer may take possession of the property and may, for that purpose, use such force as may be necessary.

(3) The property confiscated under this Act shall vest in the State Government and the same may be dealt with in the manner as may be prescribed by rules by the State Government.

**Refund of confiscated property.**

**19.** Where an order of confiscation made under section 15 is modified or annulled by the High Court in appeal or where the person affected is acquitted by the Special Court, the property shall be returned to the person affected and in case it is not possible for any reason to return the property, such person shall be paid the price thereof so confiscated with the interest at the rate of five percent per annum thereon calculated from the date of confiscation.

## CHAPTER IV

## MISCELLANEOUS

**Notice or order not to be invalid for error in description.**

**20.** No notice issued or served, no declaration made and no order passed, under this Act shall be deemed to be invalid by reason of any error in the description of the property or person mentioned therein, if such property or person is identifiable from the description so mentioned.

**21.** The provisions of this Act shall be in addition to, and not in derogation of, any other law for the time being in force.

**Act to be in addition to any other law.**

**22.** Save as provided in sections 9 and 17 and notwithstanding anything contained in any other law, no suit or other legal proceedings shall be maintainable in any Court in respect of any property ordered to be confiscated under section 15.

**Bar to other proceedings.**

**23.** No suit, prosecution or other legal proceedings shall lie against any person for anything in good faith done or intended to be done in pursuance of this Act.

**Protection of action taken in good faith.**

**24.** (1) The State Government may, by notification in the Official Gazette, and subject to the condition of previous publication, make rules to carry out the purposes of this Act.

**Power to make rules.**

(2) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as may be they are made, and shall be subject to rescission by the State Legislature or to such modification as the State Legislature may make, during the session in which they are so laid or the session immediately following.

(3) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette,* and shall thereupon take effect..

**25.** Every notification made under sub-section (1) of section 3 and every declaration made under section 5 shall be laid, as soon as may be, after they are made, before the State Legislature.

**Notifications under section 3 and declarations under section 5 to be laid.**

## STATEMENT OF OBJECTS AND REASONS

A large number of persons indulge in commission of offences and accumulate huge property other than their lawful sources of income as a result of commission of offences. They continue to use the property and income generated from such property for expanding their criminal activities. The delay in criminal proceedings and forfeiture of property allows such persons to continue with their criminal activities adversely impacting criminal justice system. Therefore, there is an urgent need to set up a Special Court for expeditious confiscation of above mentioned properties identified in connection with the investigation of a criminal case.

Keeping in view of the above legal or moral obligation of the State to curb such criminal activities, it has been felt necessary to have a special legislation for constituting an Special Court to conduct the proceedings for confiscation of properties against the persons indulging in such activities.

This Bill seeks to enact the said Act to achieve the aforesaid objects.

The following notes on clauses explain, in brief, some of the important provisions of the Bill:-

***Clause 1.-***This clause provides for short title and commencement of the Act.

***Clause 2. -*** This clause defines certain terms used in the Bill.

***Clause 3.*** - This clause provides for the constitution of Special Courts.

***Clause 4.*** -This clause provides for the Cognizance of cases by Special Courts.

***Clause 5.*** - This clause provides for declaration of cases to be dealt with under this Act, in cases of accumulation of property by a person.

***Clause 6.*** - This clause provides that where any declaration made under section 5 relates to an offence in respect of which a prosecution shall be instituted only in a Special Court.

***Clause 7.***- This clause provides for the jurisdiction of Special Courts as to trial of offences.

***Clause 8.***- This clause provides the procedure and powers of Special Courts.

***Clause 9.***- This clause provides for filing an Appeal against the order of the Special Court.

***Clause 10.***- This clause provides for the powers of the High Court to transfer cases from one Special Court to another Special Court.

***Clause 11.***- This clause provides that a Special Court shall not adjourn any trial for any purpose unless such adjournment is, in its opinion, necessary in the interests of justice and for reasons to be recorded in writing.

***Clause 12.***- This clause provides that a presiding Judge may act on the evidence recorded by his predecessor or partly recorded by his predecessor and partly recorded by himself.

***Clause 13.-*** This clause provides for the application to be made by an investigating officer to the authorised officer for confiscation of the property.

***Clause 14.-*** This clause provides for the notice to be served upon the person in respect of whom the application for the confiscation of the property is made.

***Clause 15.-*** This clause provides for the confiscation of the property in certain cases as mentioned therein.

***Clause 16.-*** This clause provides that any property transferred, during the period of notice of confiscation of such property, is made and subsequently such property is confiscated to the State Government, in such cases the transfer of such property shall be deemed to be null and void.

***Clause 17.-*** This clause provides for filing an Appeal to the High Court by an aggrieved person, against the order of the authorised officer.

***Clause 18.-*** This clause provides for the powers of the authorised officer to take possession of the confiscated property.

***Clause 19.-*** This clause provides for refund of confiscated property to the person affected, in the circumstances as mentioned therein.

***Clause 20.-*** This clause provides that notice or order not to be invalid for error in description.

***Clause 21.-*** This clause provides that the provisions of this Act shall be in addition to, and not in derogation of, any other law for the time being in force.

***Clause 22.-*** This clause provides for Bar to other proceedings.

***Clause 23.-*** This clause provides for protection for action taken in good faith.

***Clause 24.-*** This clause empowers the State Government to make rules to carry out the purposes of the Act.

***Clause 25.-*** This clause provides that every notifications under section 3 and declarations under section 5 shall be laid before the State Legislature.

**HARSH SANGHAVI,**

**FINANCIAL MEMORENDUM**

Sub-clause (b) of *Clause 2* of the Bill provides to nominate the authorised officer. Hence, the Bill, if enacted and brought into force would involve expenditure from the Consolidated Fund of the State. However, at present, it is not possible to ascertain the exact amount of grant to be made available for such purpose.

**HARSH SANGHAVI,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects: -

***Clause 1.*** - Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 3.*** - Sub-clause (1) of this clause empowers the State Government, with the concurrence of the Chief Justice of the High Court of Gujarat, to constitute, by notification in the *Official Gazette*, one or more Special Courts for such area or areas, or for such cases or class or group of cases, as may be specified in the said notification.

***Clause 18.-*** Sub-clause (1) of this clause empowers the State Government to prescribe the manner in which the property confiscated under the Act shall vest in the State Government.

***Clause 24.-*** This clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

The delegation of legislative powers as aforesaid is necessary and is of normal character.

Dated the 17th August, 2024. **HARSH SANGHAVI.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 15 OF 2024.**

***A BILL***

*to provide for the constitution of special courts for the speedy trial of certain class of offences and for confiscation of the properties accumulated out of the commission of such offences .*

**[ SHRI HARSH SANGHAVI,**
**MINISTER OF STATE FOR HOME]**

**(As published in the Gujarat Government Gazette of 17th August, 2024)**

**Chetan Pandya,**
**Incharge Secretary,**
**Gujarat Legislative Assembly.**